# ડેટાનો ઉપયોગ શું થઇ શકે?

વાચકને સામાન્ય રીતે પ્રશ્ન થાય કે સ્ટેટ વોટર ડેટા સેંટરમાં વર્ષ 1961 થી શરુ કરીને વર્ષ 2009 સુધીના આટલા બધા વર્ષોના હાઇડ્રોલોજિકલ ડેટાનો શું ઉપયોગ થતો હશે? આ પ્રશ્ન બહુ જ સ્વાભાવિક છે. આ સાથે બીજો પ્રશ્ન પણ થાય કે આ ડેટાનો ઉપયોગ કોણ કરતું હશે?

આ પ્રશ્નોનું સમાધાન નીચેની વિગતો પરથી જરુર થશે.

આ હાઇડ્રોલોજિકલ ડેટાનો ઉપયોગ અત્યાર સુધીમાં નીચે મુજબના હેતુઓ માટે રાજ્ય તથા કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગોની કચેરીઓ તેમજ જાહેર સાહસોની કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓના સ્નાતક,અનુસ્નાતક પી.એચ. ડી. નો કે સંશોધન અભ્યાસ કરતા વિધાર્થીઓ, પ્રોફેસરો, ખાનગી સંસ્થાઓ, કોંટ્રાક્ટરો, તજજ્ઞો દ્વારા કરવામાં આવેલ છે.

1. સિંચાઇ યોજનાના આલેખન માટે પુર નિયંત્રણ અને તેની આગાહીના અભ્યાસ માટે
2. ભુગર્ભ જળ સંચય માટેની યોજનાના આયોજનમાં અને અંદાજ માટે
3. કમાંડ એરિયાના વિકાસ અંગેના અહેવાલ તૈયાર કરવા માટે
4. પસ્ચિમ રેલ્વેના કેટલીક યોજનાના આયોજનમાં અને અંદાઝ માટે
5. ક્રુડ ઓઇલ પાઇપલાઇન યોજના માં હવાની ગુણવત્તા અંગેના મોનીટરીંગ માટે જિઓટેકનિકલ સંશોધન અને હાઇડ્રોલોજિકલ સર્વેક્ષણમાં
6. નદી નાળા પર આવતા પુલો, કલ્વર્ટ, અને બીજા ક્રોસ ડ્રેનેજ વર્કર્સના આલેખન માટે
7. અગાઉ બાંધવામાં આવેલા જુદા જુદા પ્રકારના હાઇડ્રોલોજિકલ સ્ટ્રક્ચરોની સમીક્ષા માટે આયોજનમાં પાણીની ઉપલબ્ધતા નકકી કરવા માટે
8. પાણીના પ્રદૂષણ નિયંત્રણના અભ્યાસ માટે
9. પાણીના પુર અને સેડીમેંટેશન અંગેના અભ્યાસ માટે
10. ખેતીના વિકાસ માટે પાકને પાણીની જરુરિયાત નકકી કરવામાટે
11. મત્સ્યોધ્યોગના વિકાસ માટે
12. કોંન્ટ્રાક્ટમાં ઉભા થયેલ વિખવાદો માં દાવાના સમર્થન માટે
13. ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર પાઇપલાઇનના આયોજનમાં

આ સાથે આ હાઇડ્રોલોજિકલ ડેટાનો ઉપયોગ કેવી રીતે અને કોના દ્વારા કરવામાં આવેલ છે તેના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

આ સાથે આ હાઇડ્રોલોજીકલ ડેટાનો ઉપયોગ કેવી રીતે અને કોના ધ્વારા કરવામાં આવેલ છે તેના કેટલાક ઉદાહરણો નીચે મુજબ છે.

હવામાન તથા વરસાદના આંકડાની ઉપયોગીતા :-

- વોટર રીસોર્સીંગ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ (એમ.એસ.યુનિવર્સીટી, વડોદરા ) નિરમા એન્જીનીયરીંગ ઇન્સ્ટીટયુટ. અમદાવાદ, એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ, અમદાવાદ તથા વીસ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજ, વલ્લભવિધાનગર ધ્વારા તેમના વિધાર્થીઓ ધ્વારા જુદા જુદા વિષયમાં ઉચ્ચ અભ્યાસ માટે ડેટાનો ઉપયોગ કરવામાં આવે છે.
- ગુજરાત રાજ્ય આપત્તિ અને વ્યવાસ્થપન સંસ્થા ધ્વારા રાજ્યના અગત્યના ચાર શહેર જેવા કે ,સુરત, વડોદરા, અમદાવાદ, અને રાજકોટ માટે પૂરથી શું નુકશાન થઇ શકે તે અંગેના અભ્યાસ માટે ડેટાનો ઉપયોગ કરવામાં આવે છે.

- દેસાઇ ફુટ  અને વેજીટેશન પ્રાઇવેટ લીમીટેડ ઝઘડીયા ધ્વારા ઝઘડીયા વિસ્તારમાં ૧૧૦ એકરમાં કેળાના પાકના ઉત્પાદન માટે પ્લાન્ટેશન કરવાનું હોઇ ઝઘડીયા વિસ્તારના હવામાન મથકના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે
- એમ.એન.કોલેજ ઓફ વિસનગર-તારંગાના જંગલમાં વસતાં ઉલ્વધારી પ્રાણીઓના અનુકુલનો અને તેમના સ્થાયીપણા પર આબોહવાની અસર માટે સદર . વિસ્તારના હવામાન મથકના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે
- શ્રી વિવેકાનંદ રીસર્ચ એન્ડ ટ્રેઇનિંગ  ઇન્સ્ટીટયુટ. માંડવી- કચ્છ ધ્વારા કચ્છ  વિસ્તારમાં ડ્રીપ ઇરીગેશન માટે વરસાદના  તથા હવામાન આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે
- ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ. અમદાવાદ ધ્વારા સાંબરકાંઠા જિલ્લામાં વોટર શેડ યોજનાની કામગીરી માટે વરસાદના  આંકડાની માહિતિનો  ઉપયોગ કરવામાં આવેલ છે
- જુનાગઢ એગ્રીકલ્ચર.યુનિવર્સીટી,    જુનાગઢ ધ્વારા બગોદરા. વિસાવદર અને ભેંસાણમાં રીમોટ સેન્સીંગ અને જી.આઇ.એસ.ની મદદથી વોટર શેડ નું મેનેજમેન્ટ અને ડેવલપીંગ ની કામગીરી માટે વરસાદ તથા હવામાનના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે
- ભાવનગર ખાતે આવેલ સેન્ટલ સોલ્ટ  ઇન્સ્ટીટયુટ ધ્વારા બાયો ફયુઅલ માટે બગડ  વિસ્તારમાં રતન જ્યોતના ઉત્પાદન માટે હવામાનના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે.
- ગુજરાત પશુધન વિકાસ બોર્ડ, ગાંધીનગર ધ્વારા પાટણ મુકામે ફ્રોઝન  સીમેન સ્ટેશનની સ્થાપના કરવા માટે ટેમ્પરેચર તથા  હયુમીડીટી ડેટાની માંગણી કરવામાં આવેલ છે.

**પાણીના પ્રવાહના આંકડાની ઉપયોગિતા :-**

- કાર્યપાલક ઇજનેરશ્રી જુનાગઢ સિંચાઇ યોજના, જુનાગઢ ધ્વારા ટિકર વિયર જળસંપત્તિ યોજના માટે તથા ચેકડેમના કામ માટે પાણીના પ્રવાહના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે.
- શ્રી રામ નિવાસ ફાર્મ મોટી શીંહોલી, ગાંધીનગર ધ્વારા  નવી ફેકટરી નાંખવા  માટે વરસાદના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે.
- કાર્યપાલક ઇજનેરશ્રી ઉત્તર ગુજરાત વિધુત વિભાગ, , ગાંધીનગર ધ્વારા  વિધુતના ઉપયોગ તથા પ્રુથ્થકરણ માટે વરસાદના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે
- કાર્યપાલક ઇજનેરશ્રી  બનાસકાંઠા પંચાયત સિંચાઇ વિભાગ , પાલનપુર ધ્વારા લઘુ  સિંચાઇ યોજનાના પુન: સ્થાપન માટે  પાણીના પ્રવાહના આંકડાનો ઉપયોગ કરવામાં આવેલ છે